અપીલ અરજી નં.૨૭૬ તા .૩૦–૮ –૧૧
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી પ્રવિણભાઈ કપાસીયાવાલા
સામાવાળાઃ– કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન)

ફરીયાદની હકીકતઃ–

વિષય :–આરટીઆઈ એકટ હેઠળઆપની તા. ૨૪–૬–૧૧ની અરજીથી હમારા રહેઠાણની બહાર પંદર વર્ષથી દાખલ થવાના ભાગે બનાવેલ રેમ્પ તોડી ફુટપાથ બનાવી જે નિયમ મુજબ બ્રેકઅપ હોવી જોઈએ તે નથી અને કમિશનરશ્રીનો આદેશ છે તેમ જણાવવા અંગે ફુટપાથ બાંધકામ વિભાગ જયાં પણ આવી રીતે ,અઠવાલાઈન્સથી પાર્લે પોઈન્ટ વિસ્તારમાં સળંગ ફુટપાથ બનાવી મકાનના દાખલ થવાના માર્ગે તથા સોસાયટીના તથા અન્ય સરકારી મકાનમાં રેમ્પ કાઢી નાંખ્યા હોય તેની વિગત અને તે અંગેનો કમિશનરશ્રીનો હુકમ તથા તે અંગેના તમારા પ્રર્વતમાન નિયમો, માર્ચ ૨૦૧૧થી આજદિન સુધી રોડ અને ફુટપાથ વચ્ચે ચેનલ બનાવી મકાનમાં દાખલ થવાનો અવરોધ ઉભો કરી રહેવાસી,વૃધ્ધો માટે શારીરિક નુકશાન ઉભું કરવા અંગે જવાબદાર વ્યકિત, અધિકારી અને તેનો હોદ્દો વિ. માહિતી આપવા બાબત.

સંદર્ભ :–આપની અપીલ તા.૩૦–૮–૧૧ ની **SMC/FAP/** નં.૨૭૬/૨૦૧૧–૧૨

શ્રી પ્રવિણચંદ્ર રંગીલદાસ કપાસીયાવાલાની તા. ૨૪–૬–૧૧ની અરજીથી હમારા રહેઠાણની બહાર પંદર વર્ષથી દાખલ થવાના ભાગે બનાવેલ રેમ્પ તોડી ફુટપાથ બનાવી જે નિયમ મુજબ બ્રેકઅપ હોવી જોઈએ તે નથી અને કમિશનરશ્રીનો આદેશ છે તેમ જણાવવા અંગે ફુટપાથ બાંધકામ વિભાગ જયાં પણ આવી રીતે , અઠવાલાઈન્સથી પાર્લે પોઈન્ટ વિસ્તારમાં સળંગ ફુટપાથ બનાવી મકાનના દાખલ થવાના માર્ગે તથા સોસાયટીના તથા અન્ય સરકારી મકાનમાં રેમ્પ કાઢી નાંખ્યા હોય તેની વિગત અને તે અંગેનો કમિશનરશ્રીનો હુકમ તથા તે અંગેના તમારા પ્રર્વતમાન નિયમો, માર્ચ ૨૦૧૧થી આજદિન સુધી રોડ અને ફુટપાથ વચ્ચે ચેનલ બનાવી મકાનમાં દાખલ થવાનો અવરોધ ઉભો કરી રહેવાસી, વૃધ્ધો માટે શારીરિક નુકશાન ઉભું કરવા અંગે જવાબદાર વ્યકિત, અધિકારી અને તેનો હોદ્દો વિ. માહિતી આપવા બાબતે કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(અઠવાઝોન)ના પત્ર નં. સા.વે.ઝોન/અઠવા/આરટીઆઈ/આ.નં./૪૫૨ તા. ૧૪–૭–૧૧થી મળેલા પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૩૦– ૮ –૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ દિન–૦૫માં નીચે સહી કરનારને પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ આપનો પક્ષ રજુ કરવા તથા મુદ્દા નં. (૧) અંગે મ્યુ.કમિશનરશ્રીના આદેશ /નોંધ તથા મુદ્દા નં.(૨) અંગે વિસ્તારના જવાબદાર અધિકારી / કર્મચારીની માહિતી પણ મોકલવા** જાહેર માહિતી અધિકારીને તથા અરજદારને પણ જાહેર માહિતી અધિકારીના પ્રસ્તાવ અનુસાર નિયત ફી ભરપાઈ કરી નકલ મેળવેલ છે કે કેમ ? તે પછી પણ નારાજગી હોય તો મુદ્દાવાર સ્પષ્ટ કરવા જણાવવામાં આવેલ જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં. સા.વે.ઝોન/અઠવા/ આરટીઆઈ /આઉટ નં. /૮૨૧ તા. ૧૧–૧૦–૧૧થી પુરક વિગતોમાં નોંધ વિભાગ, અરજદારની મુળ અરજીની નકલ, અરજદારને પત્ર નં. સા.વે.ઝોન/અઠવા/આરટીઆઈ/આ.નં./ ૪૫૨ તા. ૧૪–૭–૧૧થી આપેલ માહિતીના પત્રની નકલ તથા નકલ મળ્યા અંગેની એકનોલેજમેન સ્લીપની નકલ અત્રે મળેલ છે જયારે અરજદાર તરફથી કોઈ પુરક વિગતો અત્રે મળેલ નથી.

અરજદારની તા. ૨૪–૬–૧૧ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ બાબત હેઠળની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન) ખાતે કરવામાં આવેલ.જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર સા.વે.ઝોન/અઠવા/આરટીઆઈ/આં.નં./૪૫૨ તા. ૧૪–૭–૧૧થી નિયત સમય અવધિમાં અરજદારને માહિતી પુરી પાડવામાં આવેલ. જે અંગે અરજદારે અરજીમાં રાઈટ ટુ ઈન્ફરમેશન એકટ હેઠળની માંગવામાં આવેલ માહિતી બાબતે અઠવાલાઈન્સની પાર્લે પોઈન્ટ વિસ્તારમાં સક્ષમ સત્તાધીશની મંજુરી અન્વયે હયાત ફુટપાથને દુર કરી સી.સી. કર્બ–રબર મોલ્ડેડ પેવર બ્લોક પેવીંગની ફુટપાથ બનાવવામાં આવેલ છે. સદરહુ રસ્તા ઉપર આવેલ વિવિધ સરકારી કચેરીઓ જેવી કે સિંચાઈ વિભાગની કચેરી, પોલીસ પરેડ ગ્રાઉન્ડ પાસે આવેલ પોલીસ ખાતાનાં પેટ્રોલ પંપ, પચ્ચીગર જવેલર્સ, આસોપાલવ બિલ્ડીંગ, ખુશાલદાસ જવેલર્સ, સોફટીલ ટાવર,પાર્લે પોઈન્ટ પેલેસ વિગેરે સ્થળે સુરત મહાનગરપાલિકાની ટી.પી. રસ્તા પૈકીની જગ્યામાં અધિકૃત રીતે બનાવેલ રેમ્પને તોડીને મા.કમિશનરશ્રીની નોંધ નં. સી. એન./૨૬૩ તા. ૨૧–૧–૦૮ મુજબની માર્ગદર્શીકા પ્રમાણે સી.સી.કર્બ–રબર મોડેલ્ડ પેવર બ્લોક પેવીંગેની ફુટપાથ બનાવવામાં આવેલ છે. તેમજ સ્થળસ્થિતી મુજબ વરસાદી ઈન્લેટ ચેમ્બર્સને ધ્યાને રાખી વરસાદી પાણીનાં નિકાલ અર્થે જરૂરી ઢાળમાં વોટર ટેબલ

વરસાદી ઈન્લેટ ચેમ્બર્સ સુધી બેસાડવામાં આવેલ છે. જેથી વરસાદી પાણીનો ભરાવો થયા વગર સરળતાથી નિકાલ થઈ શકે. માર્ચ ૨૦૧૧થી આજદિન સુધી રોડ અને ફુટપાથ વચ્ચે વરસાદી પાણીનાં નિકાલ માટે ચેનલ/વોટર ટેબલ બેસાડવાથી મકાનમાં દાખલ થવામાં અવરોધ ઉભો થવાથી રહેવાસી વૃધ્ધોને શારીરિક નુકશાન થયું હોય તેવા કોઈ ખાસ કિસ્સો સહી કરનારને ધ્યાને આવેલ નથી. વધુમાં ઉકત માર્ગદર્શીકાનાં માહિતીનાં એ–૪ સાઈઝ પાનાની નકલ (પાના નંગ–૬) મેળવવા અત્રેની કચેરીનાં ઓફિસ સમય દરમ્યાન રૂ.૧૨/– ભરપાઈ કર્યેથી તમો મેળવી શકશો તેવું જણાવેલ. જે અંગે અરજદારે (૧) અઠવા લાઈન્સ પાર્લે પોઈન્ટ વિસ્તારમાં સળંગ ફુટપાથ બનાવી મકાનમાં દાખલ થવાના માર્ગે તથા સોસાયટીના તથા અન્ય સરકારી મકાનમાં રેમ્પ કાઢી નાંખ્યા હોય તેની વિગતો અને તે અંગે કમિશ્નરશ્રીના હુકમ માંગેલ જેની માહિતી પુરી પડાયેલ નથી. (૨) માર્ચ ૨૦૧૧ થી આજદિન સુધી રોડ અને ફુટપાથ વચ્ચે ચેનલ બનાવી મકાનમાં દાખલ થવાનો અવરોધ ઉભો કરી રહેવાસી વૃધ્ધો માટે શારીરિક નુકશાન ઉભું કરનાર જવાબદાર અધિકારી અને તેના હોદ્દાની માહિતી માંગેલ જે પુરી પડાયેલ નથી. તેવું જણાવી અપીલ અરજી કરવામાં આવેલ છે. જે અપીલ અરજી અરજદાર તરફથી કાર્યપાલક ઈજનેર સેન્ટ્રલઝોનને તા. ૩૦–૮–૧૧ના રોજ કરવામાં આવેલ જેમના તરફથી નિયત સમય અવધિમાં અઠવાઝોન ખાતે તબદીલ કરવામાં આવેલ. જે અઠવાઝોન તરફથી સમય અવધિ બાદ તા. ૨૨–૯–૧૧ના રોજ અત્રે અપીલ અરજી તબદીલ કરવામાં આવેલ. જે અંગે અત્રેથી પત્ર નં. આરટીઆઈ સેલ/આ નં./૮૫૦ તા. ૩૦–૯–૧૧થી જાહેર માહિતી અધિકારીના પ્રસ્તાવ અનુસાર નિયત ફી ભરપાઈ કરી નકલ મેળવેલ છે કે કેમ? તે પછી નારાજગી હોય તો તે મુદ્દાવાર સ્પષ્ટ કરવા જણાવવામાં આવેલ છે. તેવું જણાવેલ પરંતુ અરજદાર તરફથી અપીલ તબકકે તેવી કોઈ વિગતો પુરી પાડવામાં આવેલ નથી. પરંતુ જાહેર માહિતી અધિકારીએ આપેલ પુરક વિગતોમાં આપેલ માહિતીમાં પાના નં–૬ ના રૂ.૧૨/– દસ્તાવેજ ફી ભરપાઈ કરવા જણાવેલ જે અંગે અરજદાર ધ્વારા રસીદ નં. ૩૭૩૭૨૯ તા. ૧૯–૭–૧૧ના રોજ રૂ.૧૨/– ભરપાઈ કરેલ હોય, અરજદારશ્રીને તા. ૧૯–૭–૧૧ના રોજ રૂબરૂમાં જરૂરી માહિતીની નકલ પાનના નં–૬ આપેલ હોવાનું જણાવેલ છે અને તે સ્વીકાર્યા બાદ અત્રેના પુરક પત્ર સંદર્ભે કોઈ પુરક વિગતો રજુ કરેલ ન હોય અને અરજદારને માહિતી મળી ગયેલ હોય અપીલ અરજી અંગે કોઈ વિશેષ કાર્યવાહી કરવાની રહેતી નથી અને અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૪–૬–૧૧ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી માહિતી પૂરી પડાયેલ હોઈ અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે. અરજદારની અપીલ અરજી સમયસર અને મુળ અપીલ અરજી તથા સંલગ્ન માહિતી સહિત તબદીલ થાય તે અંગે કાળજી લેવા કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન)ને જણાવવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧૦–૧૧

પ્રતિ,
(૧) કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન)....જાણ તથા અમલ માટે
(૨) શ્રી પ્રવિણચંદ્ર રંગીલદાસ કપાસીયાવાલા,